# હવે કોરોનાની રોગપ્રતિકારક શક્તિ શોધવાના દિવસો આવી ગયા છે....

ઘણા એવા લોકો હશે જેમને કોરોના થઈને મટી પણ ગયો હશે. એ કઈ રીતે શોધવો ??

ડાહ્યાભાઈ જેવા અસંખ્ય લોકો હશે કે જેમણે કોરોનાનો ટેસ્ટ પણ નહીં કરાવ્યો હોય છતાં પણ કોરોના માની, પોતાની જાતને ક્વોરન્ટાઈન કરી લીધી હશે. એમનામાં કોરોનાના એન્ટી બોડી હશે - તે કઈ રીતે ખબર પડે ??



તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર

ગાંડાભાઈ આજે જાતે જ એમના દીકરાને મોકલી ને ડાહ્યાભાઈને ચા પીવા બોલાવાનું આમંત્રણ મોકલ્યું. ડાહ્યાભાઈએ ગાંડાભાઈને ફોન કરીને કહ્યું, અલ્યા ગાંડા, હવે તો મોબાઈલમાં મફત વાત થાય છે. તારા છોકરાની શક્તિ શું કરવા બગાડે છે. એની શક્તિનો ઉપયોગ ભણવામાં કે કંઈક નવું કરવામાં વાપર. ફોન કરીને કહેવાતું નથી કે ડાહ્યા ચા પીવા આવ. હવે કોરોના મટી ગયો છે તો મને પણ આનંદ થાત. હું તને એટલા માટે કહું છું કે બાજુવાળા બચુભાઈ, સામેવાળા છગનભાઈ અને સવિતાબેન એમણે તો આખી સોસાયટીમાં મને વગોવી નાખ્યો છે, કે ડાહ્યાભાઈને કોરોના થયો... કોરોના થયો... જો મેં ખરેખર ટેસ્ટ કરાવ્યો હોત અને જો એ ટેસ્ટ પોઝીટીવ આવ્યો હોત તો આ સોસાયટી વાળાઓએ મને મારા ઘરમાંથી બહાર કાઢ્યો હોત. ગાંડા વાત એમ છે કે મને, એક જ દિવસ તાવ આવ્યો, થોડું શરદી જેવું લાગ્યું, કયાંક કયાંક ખાંસી આવતી હતી. આ ચિહ્નો કોરોનાને મળતા હતા... એટલે મેં મારી જાતને ક્વૉરન્ટાઈન કરી. કારણ કે કોરોના પોઝીટીવ આવ્યા પછી ક્વોરન્ટાઈન કરી તાવ આવે તો પેરાસીટામોલ વિટામીન-સી અને ઝીંક તતા સારો પૌષ્ટીક ખોરાક આટલું જ કરવાનું છે. જો ફેફસામાં કફ થાય. સીટી સ્કેનમાં કફ આવે અને IL-6 વધારે હોય તો નવી નીકળેલી એન્ટી વાઈરલ દવા લેવાની થાય. આટલુ મને ખબર છે. મારી ઉપર કોરોનાનો કોઈ સિક્કો વાગ્યો નથી. છતાં પણ આ સોસાયટીવાળા મને જાણે કોઈનું ખૂન કરી નાખ્યું હોય એવી રીતે મને અને મારા ઘરનાને જાવે છે. બોલ ગાંડા... ધારો કે, મારો ટેસ્ટ પોઝીટીવ હોત તો આ લોકો મારું શું કરત ??

પણ ગાંડા સોસાયટી વાળાનો પણ કોઈ વાંક નથી. જયારે કોઈ પણ ચેનલ જોવો અને કોઈ પણ છાપું વાંચો ત્યારે ગાંધીનગરમાં આટલા કેસ, ગાંધીનગર જિલ્લામાં આટલા કેસ, મુંબઈમાં આટલા, દિલ્હીમાં આટલા, અમેરિકામાં આટલા અને વિશ્વમાં આટલા કેસ. મરેલા માણસોને દફનાવવા, બાળતા બતાવ્યા જ કરે છે. કોઈ પણ માણસનું કાળજુ બેસી જાય. એટલે આ લોકો પણ ખોટા નથી. સમાચારની દષ્ટિએ બરાબર છે. પણ લોકોને ભયમાં મુકવા કેટલે અંશે વ્યાજબી છે? ખરેખર તો આ બધા લોકોએ એટલે કે ચેનલ અને છાપાવાળાઓએ પોઝીટીવ સમાચાર જ આપવા જોવે. લોકોને સાચી સમજમ આપવી જોવે. જયારે આપણે ૭૦% થી પણ વધારે લોકો સાજા થઈ જતા હોય, અને કોરોનથી મરવાની સખ્યા ૩ થી ૬ % ની વચ્ચે હોય ત્યારે લોકોને ગભરાવવા એ ખોટું ના કહેવાય ગાંડા ??

ગાંડાભાઈથી રહેવાયું નહીં, ડાહ્યા આ બધું બરોબર છે, તારી વાત ૧૦૦% સાચી, પણ હવે શું ? હવે શું કરવું જોઈએ. સરકારે જે આપણે બંને જણા વાતો કરીએ છીએ તેની અસર કયાંક થવાની નથી. છતાં પણ જાગૃત નાગરિક તરીકેની આપણી જવાબદારી બને છે કે, આપણે સરકારમાં આપણી રજૂઆત કરવી જોઈએ, સરકાર જ આપણે બનાવીએ છીએ લોકો વડે, લોકો માટે અને લોકોથી સરકાર હોય છે.

જેમ વોટીંગ કરવું એ આપણી જવાબદારી છે. તેવી જ રીતે સરકારને પણ આપણને જે સાચું લાગે અને લોકહીતમાં હોય તેવી રજૂઆત કરવી જ જોઈએ. જો ગાંડા હવે છેલ્લા છ મહિનાથી કોરોના આપણા દેશમાં ચાલી રહ્યો છે. અમેરિકામાં પણ ગુજરાતીઓ ને કોરોના ઓછો થયો છે અને જે થયો છે તેમાંથી ભારતીયોનો મૃત્યુઆંક ખૂબ જ ઓછો છે. ગાંડાથી રહેવાયું નહીં, ડાહ્યા મને બોલવા દે. ગાંડાભાઈએ આજ્ઞાંકિત વિદ્યાર્થીની જેમ ડાહ્યાભાઈને કહ્યું, એનું કારણ એ છે કે ઉભો રે ડાહ્યા, મને જરા ખણી લેવા દે પગમાં ખણ આવે છે. અલ્યા ગાંડા તને પણ આવે છે? જો જે હો ડાયાબિટીસ કે કમળો ના હોય. એમાં ખણ આવે; અલ્યા ડાહ્યા તુ તો સાવ વેદીયો છે. અહીંયા કીડી કરડી છે. આ જો પડી છે કીડી અને સાલા તું મને કમળો કે ડાયાબિટીસ બતાવે છે. તું ખરેખરનો શિક્ષક છે. આગળ વાત કર ચાલ. ડાહ્યાથી રહેવાયું નહીં. ભારતીયો અને ગુજરાતીઓની રોગપ્રતિકારક શક્તિ સારી છે માટે આપણે રોગમાં પછડાયા નથી. હવે મૂળ વાત પર આવીએ. કોરોના જેને થયો હોય તેનાથી શરીરમાં થોડાક જ દિવસોમાં કોરોનાનું મારણ એટલે કે કોરોના એન્ટીજન સામે શરીર કોરોનાના એન્ટીબોડી બનાવે છે. અને એ એન્ટી બોડી શરીરમાં વેકસીન તરીકે અથવા તો રસી તરીકે કામ કરે છે. અસંખ્ય માણસો એવા હશે અને ખાસ કરીને ડૉકટરો એવા હશે કે જેમણે કોરોનાના દર્દી સાથે કામ કર્યું હશે અને જેમની ઈમ્યુનિટી સારી હશે તેમાં એન્ટી બોડી શરીરે બનાવી લીધા હશે. અરે વાહ ડાહ્યા, આતો તે ખુબ જ સરસ સમાચાર આપ્યા. સાલુ નવું નવું છે અને મને આજે હતું જ કે ડાહ્યો કંઈક નવું કહેશે. એટલે જ હું લાલ શર્ટ પહેરીને આવ્યો છું. લાલ રંગ મને ખુબ પ્રિય છે અને જયારે સારું કામ થવાનું હોય ત્યારે હું લાલ શર્ટ જ પહેરું છું. પણ ગાંડા એન્ટીબોડીને ટેસ્ટ કયાં થાય તે તને ખબર છે. ગાંડાએ કહ્યું, હા, લેબોરેટરીમાં થાય. પણ ડાહ્યા તને ખબર છે. આ વાત તો મને પણ ખબર છે. શું ખબર છે ?? બોલ, લોહીમાંથી આવો કંઈ ટેસ્ટ થાય છે. હા ગાંડા બરાબર છે, લોહીમાંથી કોરોનાના એન્ટી બોડી શોધવાના હોય છે. ગાંડાથી રહેવાયું નહીં. તો ચાલ આપણે બંને જઈને લેબોરેટરીમાં એન્ટી બોડીનો ટેસ્ટ કરાવી આવીએ. ઊભો રે, ઊભો રે... ગાંડા ઉતાવડીઓ ના થાય. લેબોરેટરી વાળા પાસે એન્ટી બોડીની કીટ તો છે.

કદાચ એ લોકો કરી પણ આપશે. પણ છાપેલો રિપોર્ટ નહીં આપે. અલ્યા ડાહ્યા એવું કેવું ? લોહી આપીએ, પૈસા આપીએ તોય રિપોર્ટ ના આપે ? ગાંડાભાઈ એનું કારણ છે, સરકારે કોરોનાના એન્ટી બોડી ટેસ્ટ કરવાની મંજૂરી હજી લેબોરેટરી વાળાને આપી જ નથી. ગાંડાથી રહેવાયું નહી. આ તો ખરાબ કહેવાત ખરેખર તો સરકારના હીતમાં છે જેટલા વધારે કોરોના એન્ટી બોડી ધરાવતા લોકો હશે, તેટલું સાબિત થશે કે લોકોમાં હર્ડ ઈમ્યુનિટી આવી ગઈ છે. ડાહ્યાભાઈ બોલ્યા, ગાંડાભાઈ તમને જેટલી સમજણ પડ છે એટલી સમજણ સરકારને નથી પડતી ?? ગાંડાભાઈ સરકાર થોડાક જ વખતમાં લેબોરેટરીને મંજુરી આપી દેશે. ગાંડાભાઈએ સવાલ પૂછ્યો, અલ્યા ડાહ્યાભાી આ પ્લાઝમા થેરાપી શું છે? ગાંડાભાઈ આટલુ રાખો ને, પ્લાઝમા થેરાપી માટે જ સમજવાનું છે. એ ગૂંચવણ ભર્યું છે. પ્લાઝમા થેરાપીની ચર્ચા આવતા અઠવાડિયે કરીશું.


- shraddhablood@gmail.com

# શ્રુતિ : ટ્વેન્ટી-૨૦ વેબિનાર દ્વારા સમાજ નિસ્બત ધરાવતા વ્યાખ્યાનોની શ્રેણી સંપન્ન

## સમાજશાસ્ત્ર વિભાગ ગુજરાત યુનિવર્સિટી આયોજિત વેબિનારનો સંખ્યાબંધ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ લાભ લીધો

ગાંધીનગર, તા. ૫

ગુજરાત યુનિવર્સિટી સમાજશાસ્ત્ર વિભાગ, અમદાવાદના ઉપક્રમે સમાજશાસ્ત્રના વિદ્યાર્થીઓ અને અધ્યાપક મિત્રો સમાજશાસ્ત્રની સાથે જુદા જુદા વિષય અને તેના દ્રષ્ટિકોણથી સમાજને સમજે એ હેતુથી 'શ્રુતિ ટ્વેન્ટી૨૦ વેબિનાર શ્રેણી'નું આયોજન વિભાગના સહ પ્રાદયાપ્રક પ્રા. ડૉ. રાજેન્દ્ર જાનીએ કર્યુ હતુ. જેમાં એમ.એ.,એમ. ફિલ. અને પીએચ.ડી. સ્કોલર્સ, સમાજશાસ્ત્ર ઉપરાંત વિવિધ વિષયના અધ્યાપકોએ નિયમિત રીતે જોડાઈને વેબિનારને ભારે સફળતા અપાવી હતી. દરરોજ એકંદરે૫૦૦ થી ૬૦૦ જેટલા સહભાગીઓ વેબિનારમાં ઉપસ્થિત રહેતા હતા.



આ શ્રેણીમાં સમાજશાસ્ત્રના જેઓ વિદ્યાર્થી કે અધ્યાપક નથી પણ વિવિધ ક્ષેત્રમાં જેમની સમજ-નિસ્બત શ્રેયસ્કર સમાજની રહી છે તેવા તજજ્ઞોએ એક સપ્તાહ દરમિયાન અલગ અલગ વિષય ઉપર પોતાનું વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં પર્યાવરણ શિક્ષણ, સાહિત્ય અને સમાજ, આધુનિકીકરણ અને અનુઆધુનિકીકરણ, સામાજિક ભૂગોળ, સરળ ગુજરાતી વ્યાકરણ, વિશ્વ સાહિત્ય, સંગીત થેરપી, સ્પર્ધાત્મક પરીક્ષાઓ વગેરે વિષયો પર રોજેરોજ વ્યાખ્યાન થયા હતા. જેમાં ભૂમિકાસ્મ્ વ્યાખ્યાન સર્વશ્રી લેખક અને પર્યાવરણ સંવર્ધક : ધર્મેન્દ્ર ત્રિવેદી, જાણીતા સાહિત્યકારઃ પ્રા. ડૉ. નરેશ શુક્લ, પ્રિ. ડૉ. જનક ગઢવી, જાણીતા ભાષાવિદ્ : પ્રા. ડૉ. નિયતીબેન અંતાણી, પ્રખર ભૂગોળવિદ : પ્રિ. ડૉ. જાયમલ રંગીયા, આયુર્વેદિક ડૉકટર, જાણીતા મ્યુઝિક ડિરેક્ટર અને મ્યુઝિક થેરાપિસ્ટ : ડૉ. કેદાર ઉપાધ્યાય, સામાજિક વિકાસ અને આર્ટ અને કલ્ચર બાબતે સોશિયલ મિડિયામાં ખૂબ જાણીતા : દેવાંગ છાયા, પર્યાવરણ સૌકર્યકાર : રમેશ સાવલિયા વગેરે મહાનુભાવોએ વ્યાખ્યાન આપ્યા હતા. આ તમામ વ્યાખ્યાનો યુ-ટ્યુબ ચેનલ ઉપર અપલોડ કરવામાં આવ્યા છે.

શ્રુતિ ટ્વેન્ટી૨૦ વેબિનાર શ્રેણીને મળેલી સફળતા તથા અધ્યાપકો અને વિદ્યાર્થીઓની આ પ્રકારના જ્ઞાન સાથે ઉપયોગી માહિતી આપતા વ્યાખ્યાનોની વિદ્યાર્થીઓ અધ્યાપકઓ ઉપરાંત પરિવારના સૌ કોઈ એનો લાભ લઈ શકે એવી લાગણીને ધ્યાનમાં રાખીને આગામી દિવસોમાં નવા વિષય અને નવા વક્તાશ્રીઓના વ્યાખ્યાનોનું આયોજન પ્રા. ડૉ. રાજેન્દ્ર જાની દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. આ કાર્યક્રમોને સફળ બનાવવામાં ગુજરાત યુનિવર્સિટીના પીએચ.ડી. સ્કોલર હિતેન્દ્ર સોલંકીએ ભારે જહેમત ઉઠાવી હતી.

# કેએસવી સંચાલિત પત્રકારત્વ વિભાગમાં પ્રવેશ પ્રક્રિયાનો આરંભ

## પત્રકારત્વ અભ્યાસક્રમ વર્ષ ૨૦૨૦-૨૧ પ્રવેશ પ્રક્રિયા શરૂ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરની પ્રતિષ્ઠિત યુનિવર્સિટી કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા પત્રકારત્વનો પીજી ડિપ્લોમા અભ્યાસક્રમ ચાલી રહ્યો છે, જેના માટે પ્રવેશ પ્રક્રિયાનો આરંભ કરવામાં આવ્યો છે.

આ અંગેની એક અકબારી યાદીમાં વિશ્વવિદ્યાલય દ્વારા જણાવવામાં આવ્યું છે કે ગાંધીનગર ખાતે પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમા ઈન જર્નાલિઝમ એન્ડ માસ કમ્યુનિકેશન છેલ્લાં છ વર્ષથી સફળતાપૂર્વક ચાલી રહ્યો છે, જે અંતર્ગત તાલીમાર્થીઓને અગ્રણી પત્રકારો અને પત્રકારત્વ ક્ષેત્રના અનુભવી તજજ્ઞો દ્વારા તાલીમ આપવામાં આવે છે. આ કોર્સ અંતર્ગત તાલીમાર્થીઓને તાલીમ આપવા માટે ગાંધીનગર, અમદાવાદ ઉપરાંત રાજયના ખ્યાતનામ મીડિયાકર્મીઓની પોતાની સેવાઓ આપી રહ્યા છે. જેના પરિણામે અહીંથી તાલીમ પામેલાં અનેક તાલીમાર્થીઓ અત્યારે મીડિયાના ક્ષેત્રમાં સફળતાપૂર્વક કાર્ય કરી રહ્યા છે ને સમાજને પોતાનું બહુમૂલ્ય યોગદાન આપી રહ્યા છે.

પત્રકારત્વના આ કોર્સમાં પત્રકારત્વના પાયાના સિદ્ધાંતો, લેખન કૌશલ ઉપરાંત પ્રવર્તમાન સમયમાં જરૂરી એવી ઍન્કરીંગ, વોઈસ ઓવર, વોઈસ મોડ્યુલેશન, ડબિંગ અને કૅમેરા ફેસીંગની પ્રૅક્ટિકલ ટ્રેનીંગનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓને જરૂરી એવું ફિલ્ડ વર્ક પણ કરાવવામાં આવે છે અને તેમને પત્રકારત્વનાં સઘળાં પાસાઓની થિયરીકલ તથા પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવે છે.

કોર્સની અભ્યાસસામગ્રી, વિશ્વવિદ્યાલયની અનુભવી અભ્યાસ પધ્ધતિ અને ઉજ્જવળ ખ્યાતિને કારણે કૅમ્પસમાંથી જ વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ મળી જાય એવી તકોનું નિર્માણ પણ અહીં શક્ય બને છે.

પત્રકારત્વના કોર્સનો સમયગાળો એક વર્ષનો છે અને સપ્તાહના છ દિવસ માટે સાંજે બે કલાક તાલીમાર્થીએ થિયરીકલ તાલીમ માટે આવવાનું હોય છે. આ ઉપરાંત ફિલ્ડ વર્ક અને સંસ્થા મુલાકાતો પણ યોજવામાં આવે છે.

કોઈ પણ વિષયમાં સ્નાતક એટલે કે ગ્રેજ્યુએશન પૂર્ણ કરનાર વિદ્યાર્થી આ કોર્સમાં પ્રવેશ પ્રાપ્ત કરી શકે છે. એલડીઆરપી કેમ્પસ, સૅક્ટર-૧૫ ખાતે આ કોર્સમાં પ્રવેશ માટે સંપર્ક કરવાનો રહેશે. આ અંગેની વધુ માહિતી માટે અભ્યાસ સંયોજક મિતેષ મોદી (૮૪૦૧૮ ૬૩૨૨૯)નો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

# બારમાસી ફૂલ છોડનો બગીચો બનાવાયો



ચિલોડા, તા. ૫

બા-બાપુ ૧૫૦ અને ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ ઉજવણી નિમિત્તે મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ - સાદરામાં આરોગ્ય કેન્દ્ર પાસો ૧૦૦ બારમાસી ફૂલછોડ રોપવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે. બારમાસી ઓછા પાણીથી ઊછરતો છોડ છે જેમાં ફૂલ બારેમાસ નયનરમ્ય ફૂલો આવે છે. માટે સંકુલના સંયોજક રમેશભાઈ પટેલ અને આરોગ્ય કેન્દ્રના તબીબી અધિકારી ડૉ. નયનેશ વસાવાના માર્ગદર્શન હેઠળ બારમાસી બગીચો બનાવાઈ રહ્યો છે. આરોગ્ય કેન્દ્રમાં નર્સ ચેતનાબોન, સેવકમુખી, ગેટમેન રમેશભાઈ રાવળના સાથ સહકારથી આ કાર્ય સિદ્ધ થયું.

# ગાંધીનગર સાહિત્ય સેવા સંસ્થાના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર સ્થિત સાહિત્યિક સંસ્થા ગાંધીનગર સાહિત્ય સેવા સંસ્થાન ચેરીટેબ ટ્રસ્ટનો ઉદય થયો છે. અંતર્ગત સંસ્થાના કારોબારી કમિટિના પ્રથમ સભ્યો નિમાયા છે જેમાં પ્રમુખ તરીકે ગુલાબચંદ નરસિંહભાઈ પટેલ, ઉપપ્રમુખ દિનેશસિંહ ભીમસિંહ ચાવડા, મંત્રી તરીકે રમેશભાઈ, ચીમનભાઈ મૂલવાણી, ખજાનચી તરીકે કાંતિભાઈ - ઈશ્વરભાઈ પટેલ, કારોબારી સભ્ય તરીકે રાધેશ્યામ વી. યાદવ, હીના શાહ તથા મહેન્દ્રભાઈ ચૌહાણ નીમાય છે.

# ડાયરેક્ટ ❤ સે

સપના ભલે સુકા હોય, પાણી તો રોજ તાજું છાંટવાનું...

# જન્મદિને વધામણી



એલ જે રાજગુરુ
મો. ૯૪૨૭૯ ૬૬૬૮૧



જી આર અલોરિયા
નિવૃત્ત સનદી અધિકારી



શ્રેયસકુમાર કમલેશભાઈ તરાલ
મો. ૯૮૭૯૯ ૧૫૩૯૧



સાત્વિક નિલેષભાઈ મકવાણા

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# બિરલાવિશ્વકર્મા મહાવિદ્યાલયના વિદેશની બે ખ્યાતનામ યુનિવર્સીટી સાથે એમ.ઓ.યુ

વલ્લભ વિદ્યાનગર, તા. ૫

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ના યુરલ ફેડરલ યુનિવર્સીટી (રશિયા) તથા સેન્ટ કલાઉડ સ્ટેટ યુનિવર્સીટી (USA) સાથે એમ.ઓ.યુ કરવામાં આવ્યા.આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ઍંજિનિયર ભીખુભાઈ પટેલ,ડૉ.એસ.જી.પટેલ (માનદ મંત્રી,સીવીએમ ) સંસ્થા ના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન.પટેલ , બોર્ડ ઓફ ગોવર્નર્સ મેમ્બર્સ તથા ડૉ.કૌશિકા પટેલ(એસોસિએટ ડીન,ઈન્ટરનેશનલ કોલબ્રેશન સેલ,બીવીએમ) ઉપસ્થિત રહ્યા હતા. બોર્ડ ઓફ ગોવર્નર્સ મેમ્બર્સે બીવીએમ ને અભિનંદન પાઠવ્યા હતા તથા ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ એન્જીનીયર ભીખુભાઈ પટેલે ગ્લોબલ લેવલે બીવીએમ તથા વિદેશની યુનિવર્સીટી ના લિન્કેજ થી બીવીએમ તથા વિદેશની યુનિવર્સટીના વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો ને રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ માટે વૈશ્વિક પ્લેટફોર્મ મળી રહે તે માટે શુભેચ્છા વ્યકત કરી હતી.



સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન.પટેલે જણાવ્યું હતું કે સંસ્થાનું વિઝન 'ટુ પ્રોડ્યુસ ગ્લોબલી એમ્પલોયેબલ ઈનોવેટિવ એન્જનિયર્સ વિથ કોર વેલ્યુઝ', રી-એન્જીનીયર કરીક્યુલમ ટુ મીટ ગ્લોબલ રિક્વાયરમેન્ટ, પ્રમોટ ઈનોવેટિવ એન્ડ બેસ્ટ પ્રેકટીસીસ એટ ઓલ લેવલ, ઈમબાઈબ કોર વેલ્યુઝ, રિફોર્મ પોલીસીસ સિસ્ટમ્સ એન્ડ પ્રોસેસ, ડેવેલોપ ફેકલ્ટી એન્ડ સ્ટુડન્ટ ટુ મીટ ગ્લોબલ ચેલેન્જીસ જેવા ઉદેશ્ય સાથે ઉપરોક્ત એમ ઓ યુ રિસર્ચ એન્ડ ડેવેલપમેન્ટને અનુલક્ષીને યુરલ ફેડરલ યુનિવર્સીટી (રશિયા) તથા સેન્ટ કલાઉડ સ્ટેટ યુનિવર્સીટી કરવામાં આવ્યા છે.આ ઉપરાંત તેમણે જણાવ્યું હતું કે બીવીએમના USA, Canada, China, Russia, Germany, Switzerland, Iraq Malaysia. જેવા દેશોની ૧૨ જેટલી ખ્યાતનામ યુનિવર્સીટી સાથે એમ.ઓ.યુ થયેલ છે જેને અંતર્ગત શોર્ટટર્મ ટ્રેનિંગ પ્રોગ્રામ,ઈન્ટરનેશનલ ટેક્નિકલ કોન્કલેવ ,ઈન્ટરનેશન્સલ એક્સપિરિયન્સ પ્રોગ્રામ,રિમોટ ઈન્ટર્નશિપ પ્રોગ્રામનું આયોજન થતું રહે છે

ડૉ. કૌશિકા પટેલે જણાવ્યું હતું કે ઉપરોક્ત એમ.ઓ.યુ.માં એન્વાયર્નમેન્ટ સેફટી એન્ડ મેનેજમેન્ટ, મટીરીયલ્સ ટેક્નોલોજી, કન્સ્ટ્રક્શન એન્ડ એન્જનિયરિંગ સિસ્ટમ, કમ્પ્યુટર એન્જનિયરિંગ, ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન, રોબોટિક્સ, સ્ટ્ક્ચરલ એન્જનિયરિંગ, મિકેનિકલ એન્જનિયરિંગ,પાવર સિસ્ટમ, એડવાન્સ સાયન્સ જેવા ક્ષત્રો આવરી લેવામાં આવ્યા છે જેમાં જોઈન્ટ રિસર્ચ એક્ટિવિટી, રિસર્ચ ઈન્ટર્નશિપ, સ્ટુડન્ટ એક્સચેન્જ પ્રોગ્રામ,ફેકલ્ટી એક્સચેન્જ પ્રોગ્રામ,કોલબ્રેશન ઓફ કરીક્યુલર ડેવલપમેન્ટ, એસ્ટાબ્લિશમેન્ટ ઓફ UG એન્ડ PG પ્રોગ્રામ્સ, જોઈન્ટ કોન્ફરન્સ, વર્કશોપ ટ્રેનિંગ પ્રોગ્રામ, સુપરવિઝન ઓફ PG એન્ડ Doctoral થિસીસ, જોઈન્ટ સુપરવિઝન ઓફ રિસર્ચ સ્કોલર, એક્સચેંજિંગ સાયન્ટિફિક ઈન્ફોર્મેશન એન્ડ પબ્લિકેશનનો સમાવેશ થાય છે.



## દહેગામ તાલુકામાં સેવાકાર્ય

શ્રી ગજાનંદ સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકામાં દેવકરણ મુવાડામાં ૯૩ લાભાર્થીઓને ૩ કિ.ગ્રા. ચોખાનું વિતરમ કરવામાં આવ્યું હતું. ગુરુવારના દિવસે સવારે થયેલ સેવાકાર્યમાં અમુક લાભાર્થીઓને ચપ્પલ તથા પ્લાસ્ટિક આપવામાં આવ્યું હતું. ભાટાઈમાં ૬ લાભાર્થી હતા. સેવાકાર્યમાં અમૃતભાઈ, મિલિન્દભાઈ, કલમેશ તથા મોન્ટુ ભાઈ સેવા આપી હતી.